ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૦-૨૦૧૫-૧૦-સી
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૧૦/૨૦૧૫

વિષય:- સિમેન્ટની ખાલી થેલીઓ કોન્ટ્રાકટ દ્વારા પરત કરવા બાબત

સંદર્ભઃ- (૧) મા.મ. વિભાગનો ઠરાવ ક્રમાંકઃ ટીએનસી-૨૭૮૦-આઇબી-૩૭૬-(૭૦)-સી તા.૨૧/૧૦/૧૯૮૦

(૨) મા.મ. વિભાગનો ઠરાવ ક્રમાંકઃ ટીએનસી-૨૭૮૦-આઇબી-૩૭૬-(૭૦)-સી તા.૧૦/૧૧/૧૯૮૩

(૩) મા.મ. વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૨૭૮૦-આઇબી-૩૭૬-પાર્ટ-૧-(૭૦)-સી તા.૨૬/૦૫/૧૯૮૮

## પરિપત્ર

મા.મ. વિભાગ દ્વારા અગાઉ સંદર્ભિત ઠરાવો/પરિપત્રો દ્વારા કોન્ટ્રાકટરે સિમેન્ટની ખાલી થેલીઓ વિભાગની કચેરીને પરત કરવા અંગેની સુચનાઓ આપવામાં આવેલ. પરંતુ હવે વિભાગ દ્વારા કોન્ટ્રાકટરને સિમેન્ટ પૂરોં પાડવાની જોગવાઇ ટેન્ડરમાં કરવામાં આવતી ન હોઇ ઉપરોકત ઠરાવો/પરિપત્રની સુચનાઓની અમલવારી હવે કરવાની રહેતી નથી અને આ ઠરાવો/પરિપત્રની સુચનાઓને આથી રદ ગણવાની રહેશે.

(આર.કે.ચૌહાણ )
ખાસ ફરજ પરના અધિકારીશ્રી (વિ.યો. )
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

પ્રતિ,
સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, મા.મ. વર્તુળ/પંચાયત મા.મ. વર્તુળ/ને.હા. વર્તુળ/એકસપ્રેસ વે વર્તુળ/ પા.યો. વર્તુળ સહિત
સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ, ઉપરોકત વર્તુળો હેઠળના સર્વે વિભાગો
સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, ના.કા.ઇ.શ્રીઓ સહિત, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સર્વે શાખાઓ, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સિલેકટ ફાઇલ

Sup. Panchayat (R & B) Circle - 2, Rajkot.

| | |
|---|---|
| Marking | |
| O.S. | |
| P.S. | |
| S.E. | |
| Inward No. | |

Sup. Panchayat
(R & B) Circle - 2, Rajkot.

| Marking | TD |
|---|---|
| O.S. | 30.11.15 |
| P.S. | 30/11 |
| S.E. | 30/11 |
| Inward No. | ૨૦૫૫ |
| Date | ૧/૧૨/૧૫ |

રસ્તા અને પુલોનાં કામોમાં ઈજારદારના ઈજનેરની હાજરી, માલ સામાનનો સ્ત્રોત, રોયલટીની ચકાસણી, વેટમીક્ષ મેકાડમની કામગીરીમાં વિશેષ કાળજી, ડામર કામમાં સ્ટાર રેટનું ચુકવણું બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ–પરચ/૧૦/૨૦૧૫/૫૫/સી.
સચિવાલય, ગાંધીનગર
તા.૦૪/૧૧/૨૦૧૫

## પ્રસ્તાવના

માર્ગ અને મકાન વિભાગમાં રસ્તા અને પુલોનાં કામો ટેન્ડરથી કરવામાં આવે છે. તેમાં ડામર કામવાળા કામોમાં સ્ટાર રેટનું ચુકવણું તથા વેટમીક્ષ મેકાડમની આઈટમ હોય, તેવા કામોમાં વિશેષ કાળજી લેવાની બાબત તથા બી–૨ કરારના કલોઝ –૧૮ મુજબ સાઈટ ઉપર ઈજારદારનાં ઈજનેરની હાજરી બાબત તેમજ રસ્તાપુલોના કામો માટે કવોરી આધારીત માલ સામાનનો સ્ત્રોત મંજુર કરી તેની રોયલ્ટીની ચકાસણી બાબત વિચારણા હેઠળ હતી.

## પરિપત્ર

પ્રસ્તાવનામાં જણાવેલ બાબતોએ પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની વધારાની શરતો ટેન્ડરમાં સમાવેશ કરવાનો રહેશે.

૧. ડામરકામ વાળાં કામો માટે હવેથી સ્ટાર રેટનો તફાવત ચુકવતા પહેલાં ડામર જે રિફાઈનરીમાંથી ખરીદવામાં આવેલ હોય, ત્યાં ઈજારદાર ધ્વારા રજુ કરવામાં આવેલાં ડામરના ગેટપાસની જે તે રિફાઈનરી ધ્વારા જ ગેટપાસ ઈસ્યુ કરવામાં આવેલ છે, તે ખરાઈ રીફાઈનરી પાસેથી કર્યા બાદ જ સ્ટાર રેટનો તફાવત ચુકવવામાં આવશે. જે કામોમાં આયાતી (ઈમ્પોર્ટેડ) ડામર વાપરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં જે બંદર પર ડામર આયાત કરવામાં આવેલ હોય તે ઓથોરાઈઝડ ઈમ્પોર્ટરના તમામ સાધનિક કાગળો ચકાસી, ઓથોરાઈઝડ ડીલર ધ્વારા ઈમ્પોર્ટર પાસેથી ખરીદ કર્યાની વિગતોનો ચકાસણી કર્યાબાદ જ સ્ટાર રેટનો તફાવત ચુકવવામાં આવશે.

૨. જે કામોમાં વેટમીક્ષ મેકાડમની આઈટમ સ્પેસીફીકેશન પ્રમાણે પ્લાન્ટમાં મીક્ષીગ કરી કરવાની હોય છે, તેમાં હવેથી પ્લાન્ટમાંથી જે મટીરીયલ સાઈટ ઉપર મોકલવામાં આવે તેને ડામરનાં હોટ મીક્ષ

પ્લાન્ટ માટેનાં કામોમાં જે રીતે ગેટ પાસમાં નોંધ થાય છે તે મુજબ ગાડીનું ખાલી અને ભરેલ વજન, વાહન નિકળવાનો સમય વગેરે લખીને મોકલવાનું રહેશે. કામનું ચુકવણું કામના સ્પેશીફીકેશનને ધ્યાને રાખી ગેટ પાસ આધારીત ન કરતાં વોલ્યુમેટ્રીક પધ્ધતિથી કોમ્પેકટેડ ડેન્સીટીને ધ્યાને રાખી નિયત ધારાધોરણ મુજબનાં ડેન્સીટી ટેસ્ટ લઈ થીકનેસ ચકાસી તે મુજબ કરવામાં આવશે. જો ઈજારદાર ધ્વારા વેટમીક્ષ મેકાડમનું મીક્ષીગ સાઈટ ઉપર કરવામાં આવશેતો તેનું ચુકવણું કરવામાં આવશે નહી અને કરારના ભંગ બદલ તેઓ સામે પગલા લેવાનાં રહેશે.

૩. રસ્તા / પુલોનાં કામોમાં મેટલ, કપચી, ગ્રીટ, રેતી વિગેરેનાં વપરાશ માટે સબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા આ મટીરીયલ માટેનાં સ્ત્રોત મંજુર કરવાની જોગવાઈ છે. દરેક કામમાં વપરાતા મેટલ, કપચી, ગ્રીટ, માટી, રેતી વગેરેનો સ્ત્રોત કામની શરૂઆતમાં મંજુર કર્યા અંગેનો હુકમ કા.ઈ.શ્રી દ્વારા કરવાનો રહેશે તથા કામના ચુકવણા કરતા પહેલા કામમાં વાપરવામાં આવેલ મટીરીયલ મંજુર કરેલ સ્ત્રોતમાંથી જ લેવામાં આવેલ છે તેની ખરાઈ જે તે મટીરીયલના રોયલ્ટી પાસ આધારીત બીલનું ચુકવણું કરવામાં આવશે.

૪. બી–૨ કરારનાં કલોઝ–૧૮ માં રૂા.૧ કરોડથી વધુ રકમનાં કામો માટે સાઈટ ઉપર ઈજારદારનાં ઈજનેરની હાજરી ફરજિયાત છે, તેમજ આ કલોઝમાં ઈજારદારનાં ઈજનેર નોટીસ આપવા છતાં પણ સાઈટ ઉપર હાજર રહેતા ન હોય, તો ઈજારદારનુ રજીસ્ટ્રેશન રદ કરવાની પણ કલોઝમાં જોગવાઈ છે. કરારનાં આ કલોઝનું ચુસ્તપણે પાલન થાય તથા દરેક કામ માટે ઈજારદારે રાખેલ ઈજનેરનું નામ અને અન્ય વિગતો તથા અન્ય કામ ઉપર તેઓની નિમણુંક નથી તેવું નોટરાઈઝડ સર્ટીફીકેટ સાથે વર્ક મોનીટરીગ સીસ્ટમમાં અદ્યતન રાખવાની રહેશે.

૫. રસ્તાના કામોમાં આયાતી ડામરનો ઉપયોગ કરવાની પરવાનગી પ્રથમ વિભાગના તા.૦૨/૦૯/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંકઃ એસટીઆર/૧૦૨૦૦૬/૧૫૭૭/ર/હ અને ત્યારબાદ આ પરિપત્ર સંદર્ભે તા.૦૮/૧૨/૨૦૦૮નો સુધારેલ પરિપત્ર ક્રમાંકઃ એસટીઆર/ ૧૦૨૦૦૬/ ૧૫૭૭/ર/હ થી આપવામાં આવેલ છે. વિભાગ દ્વારા હવે પેનીટ્રેશન ગ્રેડના સ્થાને વિસ્કોસીટી ગ્રેડ ડામર વાપરવાની જોગવાઈ ટેન્ડરમાં કરવામાં આવે છે, જેથી વપરાશમાં લેવામાં આવતા ડામર અંગે વિભાગના તા.૦૮/૧૨/૨૦૦૮ના પરિપત્રમાં જણાવ્યા મુજબની શરતોનું ચુસ્તપણે પાલન થાય અને જે આયાતી ડામરનો વપરાશ કરવામાં આવે તે specification મુજબનો વિસ્કોસીટી ગ્રેડના ધારાધોરણને અનુરૂપ છે કે નહીં તેની ચકાસણી કરીને જ તેનો ડામરના કામમાં વપરાશ કરવાનો રહેશે.

વધુમાં એવા બનાવો કે જે કામોમાં આયાતી ડામર વાપરવા માટે લાવવામાં આવેલ હોય અને તે પરીક્ષણોમાં વિસ્કોસીટી ગ્રેડ નહીં પરંતુ પેનીટ્રેશન ગ્રેડ મુજબનો જણાય તેવા કિસ્સામાં તે રીજેકટ કરી આવા ડામરના સપ્લાયરની સામે પગલા લેવાની ભલામણ સહ તે બાબતની જાણ અત્રે કરવાની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.એન.મિસ્ત્રી)
ઉપસચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

(૧) સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, (મા.અને મ.) વર્તુળો/આલેખન/પાટનગર યોજના, ~~માર્ગ યોજના~~ /એકસપ્રેસ વે વર્તુળ/સહિત.

(૨) સર્વે અધિક્ષક ઈજનેરશ્રી, પંચાયત (મા.મ.) વર્તુળો.

(૩) નિયામકશ્રી, ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, વડોદરા.

(૪) સર્વે કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ.

(૫) સર્વે તાંત્રિક અધિકારીઓ (બધા ના.કા.ઈ.શ્રીઓ સહિત) મા.મ.વિભાગ.

(૬) સર્વે પ્રોજેકટ શાખા, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) સીલેકટ ફાઈલ–૨૦૧૫.

નં.આરપીસી-૨/ /
પ્રતિ,
કાર્યપાલક ઈજનેરશ્રી,
પંચાયત મા.મ.વિભાગ
અમરેલી/[illegible]/જુનાગઢ/[illegible]/બોટાદ/
[illegible]

તરફ [illegible] ........ [illegible]

અધિક્ષક ઈજનેર,
પંચાયત મા.મ. વર્તુળ નં.-૨,
રાજકોટ.

ગુજરાત સરકાર
પરિપત્ર ક્રમાંક:- PRC-10-2015-55-(Pt-1)-C
માર્ગ અને મકાન વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૮-૦૨-૨૦૧૬

વિષય:- રસ્તા કામોમાં આયાતી(ઈમ્પોર્ટેડ) ડામરના વપરાશ બાબત

સંદર્ભ:- (૧) મા.મ.વિભાગ ના પરિપત્ર ક્ર. એસટીઆર/૧૦૨૦૦૬/૧૫૭૭/૮/હ તા.૨/૯/૦૮

(૨) મા.મ.વિભાગ ના પરિપત્ર ક્ર. એસટીઆર/૧૦૨૦૦૬/૧૫૭૭/૮/હ તા.૮/૧૨/૦૮

(૩) મા.મ.વિભાગ ના પરિપત્ર ક્ર. પરચ/૧૦/૨૦૧૫/૫૫/સી તા.૪/૧૧/૧૫

:- પરિપત્ર :-

રસ્તાના કામોમાં આયાતી(ઇમ્પોર્ટેડ) ડામર વાપરવા અંગેની સૂચનાઓ સંદર્ભીત પરિપત્રોથી આપવામાં આવેલી છે. એ બાબત ધ્યાને આવેલ છે કે, મા.મ. વિભાગના જે કામોમાં ઇમ્પોર્ટેડ ડામર વાપરવામાં આવે છે તેમાં મા.મ. વિભાગના સંદર્ભીત પરિપત્રમાં દર્શાવ્યા અનુસારની સૂચનાઓનો ચૂસ્તપણે અમલ થતો નથી અને આયાતી(ઇમ્પોર્ટેડ) ડામર વાપરવામાં આવે છે તેમાં હજુ પણ પેનીટ્રેશન ગ્રેડ ડામર હોવાની સંભાવના રહેલ છે. આથી ઇમ્પોર્ટેડ ડામર વાપરવા માટે ડામર જે રીફાઇનરીમાંથી ઈમ્પોર્ટ કરવામાં આવેલ છે તે વીસ્કોસીટી ગ્રેડનો છે તે મુજબનું રીફાઈનરીનું પ્રમાણપત્ર લેવું જરૂરી બને છે, તેમજ આયાત(ઈમ્પોર્ટ) કરવામાં/લાવવામાં આવેલ ડામરનું પરીક્ષણ ગેરી માં કરાવી ઇમ્પોર્ટેડ ડામર વીસ્કોસીટી ગ્રેડનો છે તેની ખાતરી કર્યા બાદ જ વાપરવાનો રહેશે. જે ડામર રીફાઇનરીના સ્થાને અન્યત્ર અન્ય પધ્ધતિથી મોડીફાય કરીને વીસ્કોસીટી ગ્રેડનો દર્શાવવામાં આવેલ હોય તેવું પ્રમાણપત્ર માન્ય રાખવાનું રહેશે નહીં અને તેવો ડામર વાપરવાનો રહેશે નહીં. રીફાઇનરીમાંથી જ નિયત ગુણવત્તાની ચકાસણી કરેલ હોય તેવો ઇમ્પોર્ટેડ ડામર વાપરવાની વિભાગે પરવાનગી આપેલ છે, તેનો ચૂસ્તપણે અમલ થાય તેનું ધ્યાન રાખવા સર્વે અ.ઇ.શ્રી/કા.ઇ.શ્રી/ના.કા.ઇ.શ્રીઓ ને આથી જણાવવામાં આવે છે. જો આ બાબતે કોઇપણ પ્રકારની નિષ્કાળજી દાખવવામાં આવશે તો સંબંધિતો સામે શિસ્ત વિષયક પગલાં ભરવામાં આવશે તેની તમામને નોંધ લેવા આથી તાકીદ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે.

(એ. એન. મિસ્ત્રી)
ઉપ સચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ

To AEE's PB

| Sup. Panchayat (R & B) Circle - 2, Rajkot. | |
|---|---|
| Marking | TB |
| O.S. | 11-2-16 |
| P.S. | 11/2/16 |
| S.E. | 11/2 |
| Inward No. | 929 |
| Date | 11/2/16 |

માર્ગ અને મકાન વિભાગના કામોમાં ડીફેકટ લાયેબીલીટી પીરીયડમાં ફેરફાર કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવ ક્રમાંકઃ ટીએનસી/૧૦/૨૦૧૬/કલોઝ-૧૭ એ/સુધારો/(૧)/સ
સરદાર ભવન, બ્લોક નં.૧૪
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨/૦૫/૨૦૧૬

સંદર્ભઃ- માર્ગ અને મકાન વિભાગના કામો માટે નિયત કરેલ ટેન્ડર ફોર્મ બી-૧ અને બી-૨ ના કલોઝ-૧૭ એ માંની જોગવાઇ

આમુખઃ-

ગુજરાત સરકાર માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતા કામો માટે નિયત કરેલ ટેન્ડર ફોર્મ બી-૧ અને બી-૨ નો ઉપયોગ કરવામાં આવે છે. આ કામોમાં ડીફેકટ લાયેબીલીટી પીરીયડ માટે નિયત કરેલ ટેન્ડર ફોર્મ બી-૧ અને બી-૨ ના કલોઝ-૧૭ એ મુજબની કાર્યવાહી કરવામાં આવે છે. આ ડીફેકટ લાયેબીલીટી પીરીયડની જોગવાઇઓમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

ઉપરોકત બાબતે પુખ્ત વિચારણાના અંતે માર્ગ અને મકાન વિભાગના કામો માટે નિયત કરેલ ટેન્ડર ફોર્મ બી-૧ અને બી-૨ માંના ડીફેકટ લાયેબીલીટી પીરીયડ અંગેના કલોઝ-૧૭ એ માંની જોગવાઇઓમાં નીચે મુજબનો ફેરફાર કરવામાં આવે છે.

| Clause | Existing Provision | Modified Provision |
|---|---|---|
| 17 A (b) | For all works costing more than Rs.50,000/- and up to Rs.1 crore (amount put to tender), period shall be **6 months** from the certified date of completion or one monsoon, whichever is later. | For all works costing more than Rs.50,000/- and up to Rs.1 crore (amount put to tender), period shall be **12 months** from the certified date of completion or one monsoon, whichever is later. |
| 17 A (c) | For major projects costing more than **Rs. 1 crore**, period shall be **12 months** from the certified date of completion which should include one monsoon | For major projects costing more than **Rs. 1 crore, (amount put to tender)**, period shall be **36 months (thirty six)** from the certified date of completion or three monsoons, whichever is later. |

ઉપરોકત ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પરની નોંધમાં માનનીય મંત્રીશ્રી (મા.મ.)ની તા.૧૦/૦૫/૨૦૧૬ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે. આ ઠરાવના ઇસ્યુ તારીખથી ઉપરોકત સુધારેલ જોગવાઇઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

Sup. Panchayat
(R&B) Circle-2 Rajkot
Marking
O.S.
P.S.
S.E.
Inward No.
Date

| Sup. Panchayat (R & B) Circle - 2, Rajkot. | |
|---|---|
| Marking | TB |
| O.S. | |
| R.S. | |
| S.E. | |
| Inward No. | २५२८ |
| Date | ८/८/१६ |

રાજય સરકારના બાંધકામ માટે વપરાતા ગૌણ
ખનિજોની રોયલ્ટી ભરવા બાબત

ગુજરાત સરકાર

પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૦-૨૦૧૩-(૪)-સી

સચિવાલય, ગાંધીનગર

તા.૨૦/૦૭/૨૦૧૬

સંદર્ભઃ- (૧) પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૨૨૮૬-યુઓ-૩૯-(૧૯)-સ તા.૨૩-૧૦-૧૯૮૯

(૨) પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૨૦૦૨-(૧૪)-સ તા.૨૮-૪-૨003

(૩) પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૦-૨૦૧૩-(૪)-સી તા.૮-૮૨૦૧૪

આમુખઃ-

વિભાગના ઉપર દર્શાવેલ સંદર્ભિત પરિપત્રોથી રાજય સરકારના બાંધકામના કામો માટે વપરાતા ગૌણ ખનિજોની રોયલ્ટી બાબતે બી-૧ ટેન્ડરના કલોઝ-૩૬ અને બી-૨ ટેન્ડરના કલોઝ-૩૫માં ઉપરોકત સંદર્ભિત પરિપત્રોની તારીખથી સિકયોરીટી ડીપોઝીટ પરત કરવા માટે રોયલ્ટી ભર્યા અંગેના પ્રમાણપત્રોનો આગ્રહ રાખવાનો રહેશે નહી તેવી જોગવાઇ કરવામાં આવેલ છે અને આ પરિપત્રોથી સિકયોરીટી ડીપોઝીટ પરત કરવા ગૌણ ખનિજોની રોયલ્ટી ભરવા બાબતનો "ના વાંધા પ્રમાણપત્ર"નો આગ્રહ રાખવો નહીં તેમ વખતોવખત સૂચના આપવામાં આવેલ હોવા છતાં તેની અમલવારી બધા વિભાગમાં એકસરખી રીતે કરવામાં આવતી નથી. આ બાબત કોન્ટ્રાકટર્સ એસોસીએશનની પુનઃ રજુઆત અન્વયે સરકારશ્રીના ધ્યાને આવેલ છે.

પરિપત્રઃ-

આથી સંબંધિત સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીએ જે તે કામ પૂર્ણ થયેથી જે તે કામની સિકયોરીટી ડીપોઝીટ છૂટી કરતા પહેલા ઇજારદારશ્રી તરફથી કામમાં વપરાયેલ ગૌણ ખનિજોની રોયલ્ટી અંગે જે તે કામ માટે ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતાના "ના વાંધા પ્રમાણપત્ર"નો આગ્રહ રાખવો નહીં અને વિભાગના તા.૦૮/૦૮/૨૦૧૪ના પરિપત્રમાં આપેલ તમામ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનું આથી પુનઃ જણાવવામાં આવે છે.

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો. )
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

(1) AllEE's
(2) New'SPL'.

TB

TB

આ.શ. 3374

તારીખ 22/6/16

જે ઈજારદારો રજીસ્ટ્રેશન ધરાવતા હોય
તેમના જ ટેન્ડર ખોલવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૧૦-૨૦૧૬-(FA-591-16)-૦૨-સી
સચિવાલય, ગાંધીનગર
તા.૦૩-૦૯-૨૦૧૬

વંચાણે લીધા:- (૧) ઠરાવ ક્રમાંક:- આરજીએન-૬૦૮૯-૮-પાર્ટ-૧-સી તા.૨૭-૦૧-૧૯૯૮
(૨) ઠરાવ ક્રમાંક:- આરજીએન-૬૦૮૯-૮-પાર્ટ-૧-સી તા.૦૬-૦૮-૨૦૧૧

પરિપત્ર :-

કેટલીક મા.મ. વિભાગીય કચેરીઓ દ્વારા કોન્ટ્રાકટર તરફથી રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રીન્યુઅલની અરજી કરવામાં આવેલ હોય, પણ તેમનું રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રજીસ્ટ્રેશન જેતે ટેન્ડર ખોલવાની તારીખે ન મળેલ હોય / આપવામાં આવેલ ન હોય તેમ છતાં તેમનાં ટેન્ડર ખોલવામાં આવેલ હતાં. પરિણામે આ ટેન્ડર ફરીવાર મંગાવવાના થાય છે તેમજ તેના કારણે કામના અમલીકરણમાં વિલંબ થાય છે. આથી હવે આ બાબતે નીચે મુજબની કાર્યપધ્ધતિ ચુસ્તપણે અમલમાં મુકવાની રહેશે.

કાર્યપાલક ઇજનેરશ્રી/અધિક્ષક ઇજનેરશ્રી ધ્વારા ટેન્ડર ખોલવાની તારીખે જે ઇજારદારો જેતે ટેન્ડર માટે પાત્રતા પ્રમાણેની કક્ષામાં રજીસ્ટ્રેશન ધરાવતા હોય તેમજ જેતે ટેન્ડર માટેની જરૂરી કેટેગરી/સ્પેશ્યીલ કેટેગરીમાં પણ રજીસ્ટ્રેશન ધરાવતાં હોય, આમ આ બન્ને શરતો પુર્ણ કરતા હોય તેવા ઇજારદારોના જ ટેન્ડર ખોલવાનાં રહેશે.

ટેન્ડર ખોલવાની તારીખે જે ઇજારદારની રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પુર્ણ થયેલ ન હોય, તેમનાં ટેન્ડર ખોલવાનાં રહેશે નહી. તેમ છતાં આ પ્રકારનાં પાત્રતા ન ધરાવતાં ઇજારદારોનાં ટેન્ડર ખોલવામાં આવશે તો સબંધિતોની જવાબદારી નક્કી કરવામાં આવશે તેની ગંભીરતાથી નોંધ લેવી.

આ પરિપત્ર ગુજરાત રાજ્ય બહાર રજીસ્ટર્ડ થયેલ કોન્ટ્રાક્ટર ધ્વારા જો ગુજરાતમાં વિભાગના કામોના ટેન્ડર ભરેલ હોય, તેવા કિસ્સામાં લાગુ પડશે નહીં.

To All EE's.

(એ. એન. મિસ્ત્રી)
ઉપ સચિવ(રા.ર.)
માર્ગ અને મકાન

કોન્ટ્રાક્ટર દ્વારા પૂરો પાડવામાં આવતા
ડામરના ભાવ તફાવત બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પુરિપત્ર ક્રમાંક : એસટીઆર/૧૦.૨૦૧૬/૧/હ
બ્લોક નં-૧૪,સરદાર ભવન, સચિવાલય,ગાંધીનગર
તા.૦૩/૧૦/૨૦૧૬..

TB
3908
Date 22/10/16

સંદર્ભ: ૧) મા.મ.વિભાગનો તા.૨૭-૧૧-૯૭ નો પરિપત્ર ક્રમાંક: એસટીઆર/૧૦૯૭-૮૨-હ
૨) મા.મ.વિભાગનો તા.૨૧-૧૧-૯૮ નો પરિપત્ર ક્રમાંક: એસટીઆર/મં.૮૨-હ
૩) મા.મ.વિભાગનો તા.૦૪-૧૦-૨૦૦૫ નો પરિપત્ર ક્રમાંક: ૦૨-૧૦-૨૦૦૧-મં.૩૪-૨૯-હ
૪) મા.મ.વિભાગનો તા.૨-૨-૨૦૦૭ નો પરિપત્ર ક્રમાંક: એસટીઆર/૧૦૨૦૦૧-મં.૩૪-૨૯-હ

પરિપત્ર :

માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતા કામોમાં સિમેન્ટ, સ્ટીલ અને ડામર ઇજારાદાર દ્વારા પુરો પાડવામાં આવે છે. જેમાં ઇજારાદારને ભાવ તફાવત ચુકવવા / વસુલ કરવાની જોગવાઇ છે.

સિમેન્ટ અને સ્ટીલના ભાવ તફાવત ચુકવવા / વસુલ કરવાની જોગવાઇ કામ શરૂ કર્યાથી પુરૂ કરવાની મૂળ સમય મર્યાદા સુધી લાગુ પડે છે. જ્યારે ડામરના કિસ્સામાં કામ પુરૂ કરવાની વધારેલ સમય મર્યાદામાં ભાવ તફાવતની રકમ આપવા અંગે વિસંગતતા હોઇ અનુસંધાન-૪ માં દર્શાવેલ તા.૦૨/૦૨/૨૦૦૭ ના પરિપત્રની સૂચના ક્રમાંક-૨ ની જગ્યાએ નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

"રીઝર્વ બેન્કના બુલેટીનમાં ડામરના કોઇ ઇન્ડેક્ષ ન હોવાથી ઇજારાદાર વર્ક ઓર્ડર આપ્યા બાદ જે ડામર ખરીદે તેના રીફાઇનરીના અસલ બીલો રજૂ કરે અને ખરીદેલ ડામરનો જથ્થો વર્ક ઓર્ડર મુજબના કામમાં ટેન્ડર મુજબની સમયમર્યાદા અને સરકારી કારણોના લીધે વધારેલી સમય મર્યાદા દરમ્યાન વાપરે તેના બીલના ખરીદ ભાવ અને ટેન્ડરમાં દર્શાવેલ સ્ટાર રેટ વચ્ચેના તફાવતની રકમનું ચુકવણુ / વસુલાત (રીકવરી) કરવાની રહેશે.

જે કિસ્સામાં પૂર્ણ કરવામાં ઇજારાદારના કારણોના લીધે જે વિલંબ થયેલ હોય તે સમયગાળાની સમયમર્યાદા વધારવામાં આવે તે દરમ્યાન ડામરના ભાવમાં થયેલ વધારના કારણે થતા તફાવતનું ચૂકવણું ઇજારદારને મળવાપાત્ર થશે નહિ, પરંતુ જો ડામરના ભાવમાં ઘટાડો થયેલ હશે તો તેના કારણે તફાવતની રકમ ઇજારદાર પાસેથી વસૂલાત કરવાની રહેશે.

કામની મુદત વધારવા અંગેની દરખાસ્તની પુરતી ચકાસણી કરી વિલંબના કારણો ખાતાની ભૂલના કારણે કે ઇજારાદારની ભુલનાં કારણે હોય તે અલગ દર્શાવવાના રહેશે.

આમ, સિમેન્ટ અને સ્ટીલના ભાવ ફેર આપવાની જે જોગવાઇ છે તે મુજબ જ ડામર માટે પણ ઉપર જણાવ્યા અનુસાર મૂળ સમય મર્યાદા અને વધારેલ સમયમર્યાદામાં ભાવ તફાવતનું ચૂકવણુ / વસુલાત(રીકવરી) કામના ચુકવણાના ચાલુ બીલોમાં કરવાની રહેશે.

અનુસંધાનમાં દર્શાવેલ પરિપત્રોની અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

આ સુધારો વિભાગના નાણાકીય સલાહકારશ્રીની તા.૨૯-૦૯-૨૦૧૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે. આ પરિપત્રનો અમલ પરિપત્રની તારીખથી નવા ડ્રાફ્ટ ટેન્ડરમાં કરવાનો રહેશે.

નં.આરપીસી-૨/ 2445
પ્રતિ,
કાર્યપાલક ઇજનેરશ્રી,
પંચાયત મા. અને મકાન 24/10/16
અમરેલી/ભાવનગર/જુનાગઢ/પોરબંદર/બોટાદ
ગીરસોમનાથ

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એ.બી.નગાણી )
ખાસ ફરજ પરના અધિકારી(યં.ઓ)
માર્ગ અને મકાન વિભાગ